પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૧૭ | ૭ જુલાઈ, ૨૦૧૭, શુક્રવાર ; અષાઢ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ચીન : મંત્રણા માટે માહોલ યોગ્ય નથી

**હેમ્બર્ગમાં જી-૨૦ દરમિયાન બેઠકની શક્યતાને ચીને નકારી : મોદી-જિંગપિંગ વચ્ચે મંત્રણા માટે માહોલ હાલમાં યોગ્ય નથી : છેલ્લા ત્રણ સપ્તાહથી ડોકલામમાં જટિલ સ્થિતિને ધ્યાનમાં લઇને વાતચીતનો તક્ષો ગોઠવવાનો ઇન્કાર : મોદી હેમ્બર્ગમાં આજથી જી-૨૦ની મિટિંગ હશે**



નવીદિલ્હી,તા. ૬

સિક્કિમ સરહદ પર ભારત અને ચીન વચ્ચે જટિલ મડાગાંઠ છેલ્લા ઘણા દિવસથી પ્રવર્તી રહી છે ત્યારે આવી રહેલા જુદા જુદા અહેવાલો વચ્ચે હવે ચીન સરકારે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, જર્મનીના હેમ્બર્ગમાં જી-૨૦ શિખર બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ શી જિંગપિંગ વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા માટે માહોલ યોગ્ય નથી. એવા અહેવાલ હજુ સુધી આવી રહ્યા હતા કે, સિક્કિમ સરહદ ઉપર પ્રવર્તી રહેલા વિખવાદને ખતમ કરવા બંને દેશોના નેતાઓ હેમ્બર્ગમાં મળશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, મોદી અને જિંગપિંગ વચ્ચે હવે વાતચીત થનાર નથી. હેમ્બર્ગમાં શુક્રવારના દિવસથી શરૂ થઈ રહેલી જી-૨૦ શિખર બેઠક પહેલા ચીની વિદેશ મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, મોદી અને જિંગપિંગ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત માટે માહોલ યોગ્ય નથી. અધિકારીએ આશા વ્યક્ત કરી છે કે, ભારત વિવાદાસ્પદ સરહદથી પોતાની સેનાને પાછળ ખેંચીને તરત

● અનુસંધાન પાન-૭ પર

## જીએસટીને પગલે ટીવી, ફ્રીજ, એસીના ભાવ વધશે

**જીએસટી હેઠળ વધારાના ટેક્સ બોજ : જીએસટી હેઠળ વધારાના ટેક્સ બોજને કંપની સામાન્ય લોકો ઉપર ઝીંકી દેવા તૈયાર : તહેવારમાં લોકો પર બોજ**



નવીદિલ્હી, તા. ૬

જીએસટી વ્યવસ્થા અમલી બન્યા બાદ કેટલીક ચીજવસ્તુઓ ઉપર સીધીરીતે અસર થઈ શકે છે. મળેલી માહિતી મુજબ ટેલિવિઝન, એરકન્ડીશન, વોશિંગ મશીન અને રેફ્રીજરેટરની કિંમતોમાં વધારો થઈ શકે છે. એક વર્ષમાં બે વખત વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. નવા ટેક્સ માળખાની ચર્ચા જોવા મળી રહી છે. વિડિયોકોન, પેનાસોનિક, એલજી અને વર્લપુલ જેવી કંપનીઓ જીએસટી વ્યવસ્થા હેઠળ વધારાના ટેક્સ બોજ પર લોકોને રાહત આપવાને લઈને મૂડમાં નથી. આ બોજ લોકો ઉપર ઝીંકી દેવાની તૈયારીમાં છે. ઈન્પુટ ખર્ચમાં વધારો થઈ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### મધ્યપ્રદેશમાં હજારો ટન ડુંગળી સડી રહી છે



મધ્યપ્રદેશમાં છેલ્લા એક મહિનાથી ડુંગળીના ભાવ ન મળતા સાડા આઠ મેટ્રીક ટન ડુંગળી ગોડાઉનમાં સડી રહી છે. જેનાથી ખેડૂતો, સરકાર અને દેશવાસીઓને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

### પદ્મ એવોર્ડ માટે ૨૫૦૦ અરજીઓ

પ્રજાસત્તાક દિને અપાતા નાગરિક સન્માનના પદ્મ એવોર્ડ માટે દેશભરમાંથી ૨૫૦૦ અરજીઓ આવી છે. વિવિધ ક્ષેત્રના વિવિધ તજજ્ઞોની મળેલી રજૂઆતની ચકાસણી આરંભાશે.

### બશીરતની તપાસ માટે ભાજપની સમિતિ

પશ્ચિમ બંગાળના બશીરતના કોમી તોફાનોની જાતતપાસ માટે ભાજપે ઉચ્ચકક્ષાની સમિતિ રચી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહ દ્વારા નીમાયેલી સમિતિમાં સાંસદો સર્વ ઓમપ્રકાશ માથુર, સત્યપાલસિંહ અને મિનાક્ષીલેખીનો સમાવેશ થાય છે. આ સમિતિ પોતાનો તપાસ રીપોર્ટ સોંપશે.

### અયોધ્યામાં ત્રણ ટ્રક પત્થર પહોંચ્યા



અયોધ્યામાં રામ મંદિર નિર્માણની પ્રક્રિયા ટુંક સમયમાં પ્રારંભાશે એવા સંકેતો પ્રાપ્ત થયા છે. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગુરૂવારે સવારે ત્રણ ટ્રક પત્થરો વિવાદીત સ્થળ પાસે ઉતારવામાં આવ્યા છે. ભાજપના સાંસદ વિનય કટિયારે જણાવ્યુ હતુકે કોઈપણ સમયે મંદિર નિર્માણનુ કાર્ય શરૂ થઈ શકે છે.

### આસામમાં પૂરથી ૨૨ના મોત

છેલ્લા ત્રણ દિવસથી આસામ, અરૂણાચલપ્રદેશ અને મણીપુર બ્રહ્મપુત્રાના પૂરમાં સપડાયા છે. ચાર લાખ નાગરિકોનુ સ્થળાંતર કરાયુ છે. જ્યારે ૨૨ થી વધુ નિર્દોષોના મોત નિપજ્યા છે.

## આત્મહત્યા બાદ ખેડૂતને વળતર એ ઉપાય નથી : સુપ્રીમ

**લોનના પ્રભાવને ઘટાડી દેવાની જરૂર છે : સુપ્રીમની કેન્દ્રને સલાહ : ખેડૂતોની આત્મહત્યાના મામલાને રાતોરાત ઉકેલી શકાશે નહીં તેવી સુપ્રીમ કોર્ટની પણ કબૂલાત : આત્મહત્યાના વધતા જતા કેસ વચ્ચે સુપ્રીમમાં સુનાવણી**



નવી દિલ્હી,તા. ૬

દેશના જુદા જુદા ભાગોમાં ખેડુતોની થઈ રહેલી આત્મહત્યાને લઈને સુપ્રીમ કોર્ટે હવે કેન્દ્ર સરકારને કેટલીક સલાહ આપી દીધી છે. સુપ્રીમ કોર્ટ સાફ શબ્દોમાં કહ્યુ છે કે ખેડુતોની આત્મહત્યા બાદ વળતર આપી દેવાની બાબત આ સમસ્યાનો ઉકેલ નથી. કોર્ટે એમ પણ કહ્યુ છે કે સરકારને લોનના પ્રભાવને ઘટાડી દેવાની તાકીદની જરૂરીયાત દેખાઈ રહી છે. જો કે સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે સર્વોચ્ચ અદાલત સરકારની વિરુદ્ધમાં નથી. ખેડુતોની આત્મહત્યાના મામલાને રાતોરાત ઉકેલી શકાય તેમ નથી. ચીફ જસ્ટીસ જેએસ ખેહર અને જસ્ટીસ ડીવાય ચન્દ્રચુડે આ મામલામાં સુનાવણી કરતી વેળા કહ્યુ હતુ કે સરકારને ખેડુતો માટે ચાલી રહેલી યોજનાઓને અમલી કરવા માટે વધુ ગંભીરતા દર્શાવવી પડશે. બેંચે કહ્યુ હતુ કે સરકારને પુર્ણ તાકાત ખેડુતો માટે તૈયાર કરવામાં આવેલી કલ્યાણ યોજનાઓને કાગળ પરથી કાઢીને અમલીકરણ કરવા માટે લગાવી દેવી

● અનુસંધાન પાન-૭ પર

## દેશ પારદર્શી ટેક્ષ વ્યવસ્થા તરફ આગળ વધ્યો છે : મોદી

**ભારત-ઇઝરાયેલ સીઈઓ ફોરમને સંબોધન : દ્વિપક્ષીય કારોબાર માત્ર ૫ વર્ષમાં ૨૦ અબજ સુધી લઇ જવાનું લક્ષ્ય : ઇઝરાયેલ બાદ મોદી જર્મની જવા રવાના**



તેલઅવીવ, તા. ૬

ઈઝરાયેલની ઐતિહાસિક યાત્રા પૂર્ણ કરી લીધા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-૨૦ શિખર બેઠકમાં હાજરી આપવા માટે જર્મન શહેર હેમ્બર્ગ માટે આજે રવાના થઈ ગયા હતા. ઈઝરાયેલની યાત્રા દરમિયાન આતંકવાદ અને આર્થિક સહકાર સહિતના તમામ મુદ્દા પર ચર્ચા થઈ હતી. મોદીએ ટ્વિટ કરીને કહ્યં છે કે, શાનદાર સ્વાગત અને સન્માન બદલ તેઓ ઈઝરાયેલ સરકાર અને લોકોનો આભાર માને છે. બંને દેશોના સંબંધોમાં આ સફળ યાત્રાથી નવી ઉર્જા ઉમેરાશે. બીજી બાજુ વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગોપાલ બાગ્લેએ કહ્યું છે કે, મોદીની આ ખુબ જ સફળ યાત્રા રહી છે. ઈઝરાયેલી વડાપ્રધાન નેતન્યાહૂ ફરીવાર પ્રોટોકોલ તોડીને મોદીને વિદાય આપવા પહોંચ્યા હતા. આ યાત્રા દરમિયાન સાત જુદી જુદી સમજૂતિ થઈ હતી. હવે સિક્કિમ સરહદ ઉપર મડાગાંઠની સ્થિતિ છે ત્યારે મોદી હેમ્બર્ગમાં સાતમી અને આઠમી જુલાઈના દિવસે જર્મની દ્વારા આયોજિત જી-૨૦ શિખર બેઠકમાં ભાગ લેશે. આ વર્ષની થીમ પણ નક્કી કરવામાં આવી ચુકી છે જનું નામ સેપિંગ એન્ડ એન્ટર કનેક્ટ વર્લ્ડ રાખવામાં આવ્યું છે. અગાઉ ભારત-ઈઝરાયેલ

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં છ મહિનામાં ૯૨ ત્રાસવાદીઓનો ખાત્મો

**સુરક્ષા દળોને ફ્રી હેન્ડ આપવામાં આવતા મોટી સફળતા મળી : વર્ષ ૨૦૧૬માં આ ગાળા દરમિયાન ફુલ ૭૯ આતંકવાદીઓ ઠાર થયા હતા ઘુસણખોરીની સંખ્યામાં પણ ઉલ્લેખનીય ઘટાડો : ત્રાસવાદીઓમાં ખળભળાટ**

નવી દિલ્હી,તા. ૬

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓની સામે સુરક્ષા દળો દ્વારા કરવામાં આવી રહેલી કઠોર કાર્યવાહીની અસર હવે દેખાવવા લાગી ગઈ છે. સુરક્ષા દળોને આપવામા આવેલા ફ્રી હેન્ડના કારણે આ વર્ષ છ મહિનામાં ૯૨ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. આ વર્ષે બીજી જુલાઈ સુધી ઓછામાં ઓછા ૯૨ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. વર્ષ ૨૦૧૬માં આ ગાળા દરમિયાન માર્યા ગયેલા ત્રાસવાદીઓની સંખ્યા ૭૯ હતી. ત્રાસવાદ વિરોધી કાર્યવાહીમાં આ વર્ષે માર્યા ગયેલા ત્રાસવાદીઓનો આંકડો વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩ના વાર્ષિક આંકડાને પાર કરી ગયો છે. આ વખતે કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર હતી. અત્રે નોંધનીય છે કે જમ્મુ કાશ્મીરમાં વર્ષ ૨૦૧૨માં ૭૨ અને વર્ષ ૨૦૧૩માં ૬૭ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. બીજી બાજુ વર્ષ ૨૦૧૪માં એનડીએ સરકારના ગાળા દરમિયાન આંકડો વધીને ૧૧૦ ઉપર પહોંચી ગયો હતો. વર્ષ ૨૦૧૫માં કુલ ૧૦૮ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આવી જ રીતે વર્ષ ૨૦૧૬માં કુલ ૧૫૦ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના એક સિનિયર અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે આ વર્ષે બીજી જુલાઈ સુધી માર્યા ગયેલા ત્રાસવાદીઓની સંખ્યા ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૫માં માર્યા ગયેલા ત્રાસવાદીઓ કરતા ઓછી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય ત્રાસવાદીઓની સામે સફળતા માટે ક્રેડિટ સેના, કેન્દ્રિય દળો, રાજ્ય સરકારો અને ઈન્ટેલિજન્સ એજન્સીઓને આપે છે. અધિકારીઓ દ્વારા કહેવામાં આવ્યુ છે કે આ વર્ષે બીજી જુલાઈ સુધી માર્યા ગયેલા ૯૨ ત્રાસવાદીઓ પૈકી મોટા ભાગના કુખ્યાત ત્રાસવાદીઓ હતા. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ વિગત આપતા કહ્યુ છે કે સુરક્ષા દળોને ખીણમાં છુપાયેલા ત્રાસવાદીઓ અંગે માહિતી મેળવી લેવા અને તેમનો સફાયો કરવા માટે ફ્રી હેન્ડ આપવામાં આવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્રાસવાદીઓની સામે અભિયાન છેડતા પહેલા લક્ષ્ય માટે પુરતા પ્રમાણમાં તૈયારી કરવામાં આવે છે. ઓછામાં ઓછા નુકસાનથી ત્રાસવાદીઓનો ખાતમો કઈ રીતે કરવામાં આવે તેની વ્યુહરચના તૈયાર કરવામાં આવી રહી છે. ત્રાસવાદીઓના ખાતમામાં વધારો થઈ રહ્યો છે.

## રેલવે પણ હવે ગિવ ઈટ અપ કમ્પેન શરૂ કરવા માટે તૈયાર

નવીદિલ્હી, તા. ૬

પેટ્રોલિયમ મંત્રાલય પાસેથી બોધપાઠ લઈને ભારતીય રેલવે પણ હવે ગીવ ઈટ અપ કમ્પેન શરૂ કરનાર છે. આના ભાગરૂપે રેલવે યાત્રીઓને તેમની ટ્રેન ટિકિટ પર સબસિડી જતી કરવા માટે વિકલ્પ આપશે. પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા આવા જ મિશનને હાથ ધરવામાં આવ્યા બાદ તેને મોટી સફળતા હાથ લાગી હતી. આના ભાગરૂપે ૧૦.૫ મિલિયન

● અનુસંધાન પાન-૭ પર

ટચુકડી જાહેર ખબર

દર રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧







